# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૫ • તા.૧૪ થી ૨૦ મે ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# દમયંતીબેન ચાંપશી શાહ (લોડાયા) પરિવાર તરફથી માનવસેવાનું ઉત્કૃષ્ટ કાર્ય




# સમર્પણ બ્લડ સેન્ટરને મોટી એમ્બ્યુલન્સની ભેટ


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સદ્‌ભાવ અને સદ્‌ગુણોને સાચવીએ

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સારા ભાવ રાખવા જોઈએ. શુભ ભાવનું ચિંતન કરીને જે અંતરમાં વિચાર જાગે એનાથી દ્રષ્ટિ સારી થશે, નિર્મળ થશે. માણસની અંદર જે પ્રકારના ભાવ જાગે છે તે પ્રમાણે તેનું જીવન ઘડાય છે. માણસના વિચારો સારા હોય તો તેનું વર્તન પણ તે મુજબનું સારું જ થાય. જો વિચારો દોષ ભર્યા હશે તો વર્તન પણ એવું જ દુષિત થશે. જે કદી કોઈનું સારું જોશે નહીંને કોઈનું સારું કરશે નહીં.

દરેકના મનમાં દુર્ગુણ અને સદ્‌ગુણના ભાવો હોય છે. દરેક સંસ્કારીને શિક્ષિત સભ્ય અને સારા પરિવારનો વ્યક્તિ સારો જ હોય છે, પણ કદિક સંગને કારણે તે દુર્ગુણના દુષિતપણાથી ગ્રસ્તિ થઈ જાય છે. સજાગ, સચેત દરેક વ્યક્તિ સારો થવા ચાહે છે અને સતત એ માટે જ મથે છે અને કોઈપણ હિસાબે પોતાનામાં રહેલી નબળાઈઓ દૂર કરવાના પ્રયાસોમાં રત રહે છે. આમ છતાં કેટલીક મૂળભૂત કમજોરી ઓને લીધે તેનામાં ઝટ પરિવર્તન આવતું નથી. કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી. પણ સંકલ્પ બળ અને આંતરિક તાકાત તેને સતત દુર્ગુણના માર્ગથી પાછા વળવા પ્રેરે છે. એટલે ગમે તેવો ખરાબ માણસ પણ તે અંતરથી સારું કરે તેવા પ્રયાસમાં રહે છે. તો સારો વ્યક્તિ પોતાનાથી અજાણતા કંઈ ખોટું-ખરાબ ન થાય એ પ્રત્યે સભાન રહે છે. દરેક વ્યક્તિ પોતાની ઉણપ દૂર કરવા માગે છે પણ દુર્ગુણોના દલદલ ગંદવાડ એટલો ઝટ સાફ થવાનો નથી. એ માટે સતત મથવું પડે છે, પ્રયાસ કરવા પડે છે.

સારા સદ્‌ગુણરૂપી સંસ્કારની સરવાણી જો સતત વહેતી થશે તો એની પાછળ પાછળ બીજા સદ્‌ગુણો જેવા કે પ્રેમ, દયા, કરૂણા, માનવતા, સંતોષ અને પરોપકાર ભાવ પણ આવી જવાના. અને જો દુર્ગુણની જડ સતત પ્રયત્નો છતાં જડમૂળ ન થઈ, નાબૂદ ન થઈ તો તે રાગ, દ્વેષ, લોભ, મોહ, ક્રોધ અને અસંતોષના ભંડાર આપણી અંદર ઠાલવવાની. એટલે જ કોઈ જ્ઞાની એ સાચું કહ્યું છે કે સારી વસ્તુ બીજી સારી વસ્તુને આકર્ષે છે અને એક ખરાબ ચીજ બીજી ખરાબ વસ્તુને આવવાનો મારગ મોકળો કરી આપે છે.

દરેક વ્યક્તિના વિચાર, સંસ્કાર અને આચાર ભિન્ન ભિન્ન હોય છે. તેવી જ રીતે દરેક વ્યક્તિની ઊણપો, નબળાઈઓ અને કમજોરી જુદી હોય છે. દરેકએ પોતાની અંદર રહેલ નબળી કડીને શોધી કાઢો અને તેને દૂર કરવામાં ખૂંપી જાવ તો નિશ્ચિત જીવન બદલાઈ જવાનું. આપણા સામે આવતી વ્યક્તિને દર્પણની જેમ નિરખવી જોઈએ. કારણે કે આપણામાં જે સમાયેલું છે એ સામાવાળામાં દેખાવાનું છે. આપણી પાસે સારું હશે તો આપણને એમાં સારું, શુભ દેખાવાનું છે ને આપણી ખરાબ સંપદાઓ હશે તો બીજામાં પણ ખરાબી દેખાવવાની છે. માટે જીવનમાં હમેશા સારા ભાવ રાખવા જોઈએ, કલ્પવા જોઈએ જેથી છેવટે તો શુભ અને સારું થાય અને સદ્‌ભાવ ભર્યું જીવન ઘડાય આપણે આપણ સદ્‌ગુણોને સાચવીને દુર્ગુણોને જાણીએ અને તેને દૂર કરવાના પ્રયાસ કરીએ તો પરિવર્તન થવાનું જ છે એ નક્કી છે.

-જય જ્ઞાતિમૈયા

# સિધ્ધિનો ગર્વ વિનિપાત સર્જે છે



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

વૃક્ષ ઉપર ફળ આવે ત્યારે તે નમ્ર બનીને ઝૂકવાનું પસંદ કરે છે. મનુષઅયની જેમ ગર્વ, અક્કડતા દાખવતો નથી. આ નમ્રતા અને સમર્પણતા માનવીએ ગ્રહણ કરવી જોઈએ. ધન, કીર્તિ, પદ અને વિજયને સિધ્ધિ મળે ત્યારે માણસે વધુ નમ્ર બનવું જોઈએ. જો આ સમયે અહંકાર ઊભો થાય તો મેળવેલ સિધ્ધિ પર પાણી ફરી વળે છે. બે વેંત અધ્ધર ચાલતો તેનો રથ ભોંય ભેગો થઈ રહે છે. માણસનો સાચો ગૌરવ અહંકાર રહિત રહેવામાં છે. અભિમાન આ જગતમાં કોઈનું કાયમી ટક્યું નથી અને ટકશે પણ નહીં. બધું ઉપર તળે પાયા કરે છે. આ ચકડોળ ફેરીવ્હીલ જેવું છે. જીવનમાં જે પરિસ્થિતિ સર્જાય તેને સદનસીલ સમજવા જોઈએ. મળ્યું એ પ્રભુ કૃપા અને ન થયું તો હરિઈચ્છા. આવું સહજ ભાવ રાખવું જોઈએ. માણસ જેટલો મોટો થાય પણ ગરિમાને ભૂલવી ન જોઈએ. પોતાનાથી નાના માણસો પ્રત્યે વિવેક ન જાળવે તો તેની મોટાઈની કિંમત ન ગણ્ય થઈ જાય છે.

આપણું કોઈપણ કામ સારું થાય કે કોઈપણ સારા કે મોટા સફળ કાર્યમાં આપણે નિમિત્ત બન્યાં ત્યારે જાહેરમાં ઢોલ નગારા પીટવાની જરૂર નથી રહેતી. સત્કાર્યોની સુવાસ આપોઆપ ચોમેર પ્રસરે છે. સત્કાર્યોમાં જે વળતરની આશા રાખે છે તેને ઈચ્છિત ફળ મળતા નથી.

માણસનો સ્વભાવ ફુગ્ગા જેવો છે. વાતોવાતમાં ફુલાઈને ફાળકો બન જઈ જઈએ છીએ. નાના કાર્યના મોટા મોટા બણગાં ફૂંકીએ છીએ. અભિમાન કરીએ છીએ. આમાંથી જેટલો લાભ ઉઠાવી શકાય તેટલો ઉઠાવીએ છીએ. કીર્તિ અને માનની અપેક્ષા રાખીએ છીએ. કોઈપણ જાતની ઈચ્છા અપેક્ષા વગર નિઃસ્વાર્થ ભાવે આપે છે તે તેનાથી અદકેરું પામે છે. માણસનો સ્વભાવ જે છોડ્યું છે તે યાદ રાખે છે અને જે પ્રાપ્ત થયું છે તે ભુલાઈ જાય છે.

પ્રકૃતિના, કુદરતના તમામ તત્વો જેવા કે આકાશ, સૂર્ય, ચંદ્ર, ધરતી, પર્વતો, ઝરણાઓ, નદીઓ અને વૃક્ષો કાંઈકને કાંઈક મનુષ્ય જાતિને આપે છે એ પણ નિસ્વાર્થ ભાવથી બદલામાં વળતરની અપેક્ષા રાખતા નથી. તેમનો ધર્મ આપવાનો છે. આ જ તેમના અસ્તિત્વની ઓળખાણ છે. આજ તો જીવનનું સૌંદર્ય છે. સાચો વ્યવહાર છે.

મનુષ્યને પરેશાન કરનારા ત્રણ તત્વો છે. ત્રણ મુખ્ય પરિબળો છે. એક મમત્વ, બીજું આસક્તિ અને ત્રીજુ તૃષ્ણા. જે કોઈ પણ ચીજ પર વધુ પડતી આસક્તિ રાખે છે. તેને મેળવવાની ઈચ્છા રાખે છે ત્યારે દુઃખ અને અશાંતિ પેદા થાય છે. ઈચ્છાઓ અનંત છે જે કદી પૂરી થતી નથી. પણ માનવી જ્યારે પોતાને બીજાથી શ્રેષ્ઠ માનવા લાગે છે હું કાંઈક છું એવો અહંકાર ઊભો થાય છે ત્યારે સમજવું કે પતન નજીક છે. શતમુખ વિનિપાત સમીપ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમર્પણ બ્લડ સેન્ટર ઘાટકોપરને મોટી એમ્બ્યુલન્સની ભેટ





છેલ્લા ૩૦ વરસથી ઘાટકોપર ખાતેની સમર્પણ બ્લડ બેન્ક ફક્ત ઘાટકોપર જ નહીં પણ સમસ્ત મુંબઇમાં અત્યંત પ્રશંસનીય માનવતાભર્યું સેવાકાર્ય કરી રહી છે.

નોર્થ ઇસ્ટ ઝોન કેમીસ્ટ એજ્યુકેશનલ એન્ડ વેલફેર ટ્રસ્ટના નેજા હેઠળ આ બ્લડ બેન્કે હજારો બ્લડ ડોનેશન ડ્રાઇવ દ્વારા ૫ લાખથી વધુ બ્લડ બોટલ/બેગના યુનીટ દ્વારા જરૂરતમંદ જનતાની અને દરદી નારાયણની સેવા કરી છે.



મોટા ઓપરેશન વખતે ડીલીવરીના સમયે અકસ્માતની ઘડીએ અને થેલેસેમીયા તેમ જ અન્ય બીમારી વખતે કે અશક્તિને કારણે બ્લડની તાતી જરૂર ઊભી થાય છે.

કટાકેટીની પળે તેની માંગ અને ખાસ કરીને વેકેશન પીરીયડમાં બહારગામથી મુંબઇ ઓપરેશન માટે આવતા દરદીઓની સંખ્યા ઘણી મોટી હોય છે, ત્યારે આ બ્લડ બેન્ક સેવારત બની તેમને સંતોષકારક સહકાર આપી બ્લડનો પુરવઠો, ગ્રુપ અનુસાર બ્લડ કમ્પોનેન્ટ અનુસાર પુરું પાડે છે કપરી પળે દરદીનારાયણનું કામ પાર પાડે છે.

ઉપરાંત ૧૭૫ જેટલા થેલેસેમીયાના દરદીઓને દત્તક લઇ તેમની બ્લડની જરૂરત નિયમિત ધોરણે પુરી કરે છે. તેમના શિક્ષણની પણ જવાબદારી સ્વીકારી તેમને મદદરૂપ બને છે.

તાજેતરમાં બ્લડ બેન્કના સુત્રધાર શ્રી નીતિન મણીયાર બ્લડ બેન્ક માટે એક મોટા એમ્બ્યલન્સ વાન કે જેમાં બ્લડ ડોનરને બેસાડી બ્લડ લઇ શકાય, તેવી વ્યવસ્થાવાળી ગાડીની તાતી જરૂર માનવજ્યોતને જણાવી હતી.

શ્રી લુઠીયા ૩૦ વરસથી આ બ્લડ બેન્ક સાથે જોડાયેલા છે.

તેમણે દાતાશ્રી ચાંપશી માણેકજી શાહ, પરિવાર સમક્ષ માંગણી મુકતાં તેમણે હકારાત્મક વલણ અપનાવી ગાડી માટે મંજુરી આપી હતી.

તે માટે રૂ ૮.૫૦ લાખના ચેકની અર્પણ વિધિ અંગે એક નાનું સમારંભ યોજાયું હતું, જેમાં દાતા પરિવારના શ્રીમતી દમયંતિ ચાપંશી લોડાયા (લોખંડવાલા) શ્રીમતી જસ્મીન અતુલ ચાંપશી લોડાયા અને શ્રી મધુકાંત પદમશી ખોના હાજર રહ્યા હતા.

# HEARTILY TRIBUTE



# LATE TARUN DHANJI DHARAMSHI

***There are no goodbyes...***
***Where ever you'll be,***
***you'll be in our heart***

**HEARTLY TRIBUTE FROM**

JOY
GROUP
JOY IN EVERY MOMENT OF LIFE

SHRI BHAVIN J. SONI
&
JOY GROUP STAFF / TEAM

# દિવ્યાંગ શક્તિ યોજનામાં સહભાગી થનાર દાતાને નમન




સ્વ.તરૂણ ધનજી ધરમશીના સ્મરણાર્થે હસ્તે ગં.સ્વ.કલ્પનાબેન તરૂણ ધરમશી, જતિન, સ્નેહલ, મોક્ષ કચ્છ સુથરી-જૂહૂ ડિલક્સ લોજિસ્ટીક પ્રા.લિમિટેડ એ રૂા.૨૫ હજારનું ઉદાર અનુદાન આપી સમસ્ત મહાજનની કેડીઓ દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ શક્તિ યોજનામાં પોતાનો સબળ સાથ, સહયોગ અને ટેકો આપ્યો છે.

ઈશ્વરની અધૂરી કૃપા પામનાર શારીરિક તથા માનસિક દુઃખ વેદનાને પીડા ઝીલનારા જીવોને પ્રત્યે દયા, પ્રેમ અને સહાનુભૂતિ આપનાર દાતા પરિવારની અઢળક અનુમોદના.

# કચ્છના સુથરી તીર્થે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની ૧૮૪મી વર્ષગાંઠ ઉજવાઈ





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક નગર સુથરી તીર્થે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયના ૧૮૪મા વર્ષગાંઠ નિમિત્તે ૧૮ અભિષેક સહ વિવિધ ધર્મ આરાધનાઓ પ.પૂ.શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે અદ્ભૂત ભાવ, ઉમંગ અને ઉલ્હાસ સાથે સંપન્ન થઈ.



શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની ૧૮૪ ધ્વજારોહણ ઉજવણી- ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગ પ. પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્ન સાગરજી મ. સા. તથા પ. પૂ.સાધ્વી શ્રી મહાયશા શ્રી જી. મ.સા.ની નિશ્રાએ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિએ ઉલ્લાસમય વાતાવરણમાં પરિપૂર્ણ થયેલ. મહોત્સવમાં પધારનાર સર્વે પરિવારજનો, ગામવાસીઓ તથા ખાસ કરીને નિયાણી બહેનોએ સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ, સર્વ સાધારણ ૧૧આની તેમજ અભિષેક ચડાવામાં અનુદાન આપી સુંદર સાથ સહકાર આપવા તથા (એચ.આર.ડી.ગ્રુપ) શ્રી હેમાંગભાઈ રાયચંદ ધરમશીના નેતૃત્વ હેઠળ યુવા ટીમના સભ્યોની અથાગ મહેનતે મહોત્સવની સફળતાને ચાર ચાંદ લાગ્યા અન્ય સર્વે કાર્યકરોની અદભૂત સેવા આપવા બદલ શ્રી સુથરી સંઘની ભૂરી ભૂરી અનુમોદના.

ત્રણ દિવસ દરમ્યાન પક્ષાલ,પૂજા, શાંતિ કળશ, અભિષેક બાદ પ્રથમ અષ્ટપ્રકારી પૂજાનો ઘૃત ૧,૩૧,૩૪૩ મણ થયેલ.

ધ્વજા પ્રસંગે આવનાર દરેક શ્રાવક તેમજ શ્રાવિકાઓને માતુશ્રી હિરાબાઈ હંસરાજ નરશી મોમાયા પરિવાર તરફથી આવવા-જવાનું રેલવેનું સ્લીપર કોચનું ટિકિટ ભાડું આપવામાં આવેલ હતું.



૧૮૪મી ધ્વજા પ્રસંગે રૂા.૧૮૪=૧ આની સાધારણ ફંડ માટે ટહેલ કરવામાં આવતા સૌ ગામવાસીઓ,પધારેલ વિવિધ મહાજનો, નિયાણી બહેનો દ્વારા ૧૩૮૪ આનીઓનો બહુમૂલ્ય ફાળો એકત્ર થયેલ. જીવદયા માટે વિવિધ દાતાઓ તરફથી રૂ.૧,૧૮,૦૦૦ જેવી માતબર રકમ મૂંગા ઢોરો માટે ઉદારદિલે લખાવવામાં આવેલ. સર્વે સાધર્મિક ભક્તિના દાતાશ્રીઓ, અભિષેકના નકરાઓ તથા વિવિધ ઉછામણીઓ દ્વારા લાભ લેનાર સર્વે ઉદારદિલ દાતાશ્રીઓનો **શ્રી સુથરી સંઘ** આભાર માને છે અને આવા દરેક પ્રસંગોએ આપ સૌનો અવિરત સાથ સહકાર મળતો જ રહેશે એવી અપેક્ષા.




॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી સુથરી જૈન સંઘ

## સુજ્ઞ શ્રી ગામવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો

પ્રણામ,

## ચાતુમાસાર્થે પધારવા નિમંત્રણ

આપ સૌ સુવિદીત જ છો કે આપણા ગામે ચાતુર્માસ માટે મુનિરાજ પ. પૂ. મુક્તિરત્નસાગરજી મ.સા. તા.૮/૭/૨૦૨૨ ના શુભ દિવસે પ્રવેશ કરશે.

આ વર્ષે સ્થાનિકે બિરાજમાન પ. પૂ.સાધ્વી શ્રી મહાયશાશ્રી મ.સા.ની પણ નિશ્રાથી ચતુર્વિધ સંઘની સાથે ચાતુર્માસ ઉજવીશું.

આપ સૌ ત્વરિત સુથરી તીર્થે આરાધના કરવા ટિકિટ બુક કરાવી લેશોજી તથા આપના આગમનની સૂચના સુથરી કાર્યાલયે જીજ્ઞેશભાઈ ને કરશોજી.

ચાતુર્માસ માટે સુથરી તીર્થમાં પધારનાર આરાધકોને રેલવે સ્લીપર ક્લાસની ટિકિટ દાતા પરિવાર માતુશ્રી વિજયાબાઈ વેરશી માંચા મોતા તથા માતુશ્રી કુંવરબાઇ વિસનજી માંચા મોતા પરિવાર તરફથી આપવામાં આવશે.

આપ સૌ ગામવાસીઓને દાદાશ્રી ની છત્ર છાયા તથા ગુરુ ભગવંતોની નિશ્રામાં ચાતુર્માસ માટે પ્રવેશના આગલા દિવસે તા.૭/૭/૨૦૨૨ ના પધારવા સનેહભર્યું નિમંત્રણ....

**શ્રી સુથરી જૈન સંઘ**

**ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિ**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ :
૧૧-૦૨-૧૯૫૮

અરિહંતશરણ :
૦૩-૦૫-૨૦૨૨

## શેઠશ્રી તરુણ ધનજી ધરમશી (ઉં.વર્ષ - ૬૪)

**ગામ : સુથરી, હાલ : જુહૂ**

જેમની સાથે અંગત વાતોનું આદાન પ્રદાન થતું અને વિચારોનું
મોકળા મને આપ લે થતું એવા સહૃદયી આત્મીયજન
ગુમાવ્યાની ખોટ અમારા માટે વણ પુરાયેલી રહેશે
આપનો પવિત્ર આત્મા મોક્ષગતિ પામે એ જ પ્રાર્થના

**-: શ્રદ્ધાસુમન :-**

માતુશ્રી ચંદનબેન મહેન્દ્ર નાગડા (નલિયા-મુલુંડ)
માતુશ્રી ચંદનબેન વિરચંદ મોતા (લાખણીયા-ભાંડુપ)
શ્રીમતી દિપાલી નયન મોમાયા (વરાડિયા-અંકલેશ્વર)
શ્રીમતી જાગૃતિ કેતન નાગડા (નલિયા-મુલુંડ)
શ્રીમતી ભાવના રૂપેશ નાગડા (લાલા-ભાંડુપ)
શ્રીમતી બિજલ નિસર્ગ ઉદાણી (અમદાવાદ)

# કાંજુરમાર્ગ સંઘના શ્રી વિમલનાથ દાદા જિનાલયની પાંચમી વર્ષગાંઠ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ









શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-મુંબઈ તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના સહયોગથી શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગના આંગણે શ્રી વિમલનાથ દાદા જિનાલયની પાંચમી વર્ષગાંઠ અને છઠ્ઠો ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી અર્હમ કિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી રમ્ય કિરણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ભવ્યાતિભવ્ય ધર્મ આરાધનાઓ સાથે થયો.



સોમવાર તા.૯ મે ના અનંતનાથ કોમ્પ્લેક્ષના મહિલા મંડળ દ્વારા પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી. પાઠશાળાના બાળકો દ્વારા 'નવકાર મહામંત્રનો ચમત્કાર' લગુ નાટિકાનું આયોજન થયેલ.

તા.૧૦ મે મંગળવારના અઢારઅભિષેક થયા. બુધવાર તા.૧૧ મે ના સત્તરભેદી પૂજા તથા ધ્વજા રોહણ વિધિ શુભ મુહૂર્તે થઈ. વિધિકાર સાગર શાહ હતા.

મહોત્સવના દિવસો દરમ્યાન પ્રભુજીની સુંદર રમણીય નયન આકર્ષક આંગી કરવામાં આવેલ તથા વિમલનાથ મિત્ર મંડળ દ્વારા પ્રભુજીની ભક્તિ ભાવનાની રમઝટ બોલાવવામાં આવી. ધ્વજાનો લાભ લેનાર પરિવાર માતુશ્રી કુંવરબાઈ વિશનજી માયા, ગામ સુથરી-હાલ કાંજુરમાર્ગ.

મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદા, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા ઉપપ્રમુખ કુમારભાઈ દંડ, સેક્રેટરી ચેતનભાઈ મોતા, ધાર્મિક કમિટીના કન્વીનર મનોજભાઈ લોડાયા પધારેલ. તેઓની ભાવભરી ઉપસ્થિતિમાં તા.૧૧ મે બુધવારના દિને ૨૫૭૮મો શાસન સ્થાપના દિવસના અવસરે શાસન ધ્વજ લહેરાવી વંદના કરાઈ.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે.જૈન સંઘના ઉપક્રમે ચતુર્વિધ શ્રી સંઘના ૨૯૪ આરાધકોના વર્ષીતપના પારણા થયા




તા.૩ મે મંગળવારના સાયન-ચુનાભઠ્ઠી સોમૈયા ગ્રાઉન્ડ ખાતે હસ્તિનાપુર નગરીમાં પ્રથમ રસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પૂ.ગણિવર્યો, પૂ.મુનિ ભગવંતો તથા પૂ.સાધ્વીજી ભગવંતોની વિશાળ ઉપસ્થિતિમાં ૧૩ મહિનાની ઉગ્ર તપશ્ચર્યા કરનારા ચતુર્વિધ શ્રી સંઘના ૨૯૪ આરાધકોના વર્ષીતપના સમૂહ પારણા નિર્વિઘ્ને પરિપૂર્ણ થયા.





# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે.જૈન સંઘના ઉપક્રમે ચતુર્વિધ શ્રી સંઘના ૨૯૪ આરાધકોના વર્ષીતપના પારણા થયા



આ પ્રસંગે તપનું મહત્વ, પ્રસંગની મહતા શાસન રત્નશ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા સાથીઓએ વર્ણવી હતી.

વર્ષીતપના તપસ્વીઓને પ્રભાવનાના લાભાર્થી શાસન રત્ન નરેન્દ્રભાઈ નંદુના રજત વર્ષીતપની અનુમોદનાર્થે શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ તથા શ્રીમતી દમયંતીબેન નરેન્દ્રભાઈ નંદુ વાંઢ-સાંતાક્રુઝ હસ્તે અરિહા ક્યવન્ન નંદુ. અતરવાયણા શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ હા.શ્રીમતી નીતાબેન પ્રફુલ્લ વીરા (મોટા લાયજા) શ્રીમતી અલ્પાબેન ભરતભાઈ મેઘજી શેઠિયા પરિવાર, ભુજપુર.



આ ભગીરથ અને જિનશાસનના ભવ્ય આયોજનમાં ઝાઝા હાથ રળિયામણાંના સૂત્રને સાર્થક બનાવવા અને સૌનો સાથ સર્જે ઈતિહાસ સાર્થક થયું સૌ કોઈના અણમોલ સાથથી.



# શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન  સંઘના આંગણે ઉદય ગુણ ચાતુર્માસ જયોત્સવ ૨૦૨૨નું આયોજન થયું

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા ઓજસ્વી પ્રવચનકાર મુનિશ્રી ગુણવલ્લભસાગર મ.સા. આદિ ઠાણા ૨નું ચાતુર્માસ શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘના આંગણે નિર્ધારિલ છે તે પ્રસંગે ઉદય ગુણ ચાતુર્માસ જ્યોત્સવ ૨૦૨૨નું આયોજન પ્રથમ રસ નિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં થયેલ. પૂજ્ય સાહેબ ચાતુર્માસ મંગલ પ્રવેશ મુહુર્ત આષાઢ માસ સુદ તેરસ તા.૧૧ જુલાઈ ૨૦૨૨ સોમવારના સવારે ૬.૪૬ મિનિટે ચર્ની રોડ સેન્ટ્રલ પ્લાઝા ખાતે થશે.

# ચાલીસગામ સંઘની કાયમી આયંબિલ આરાધનામાં દાતાઓ સતત જોડાઈ લાભ પામી રહ્યા છે

શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં ખાનદેશ રત્નાશ્રી ચાલીસગામ તીર્થો દ્વારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી સંઘમાં કાયમી આયંબિલ આરાધના શરૂ છે. હાલમાં આયંબિલ આરાધના યોજનામાં જોડાનારા દાતાઓમાં સ્વ. કિસન લાલજી જેઠમલજી ભન્સાલી ચાલીસગામ રૂા.૫૧૦૦. શ્રી શ્યામલાલજી હુકુમચંદજી સંકલેચા ચાલીસગામ, સૌ.નમિતા નયન બ્રહ્મેચા ચાલીસાગમ અને સૌ. ભારતી કુંવરલાલ જૈન જલગાવ પ્રત્યેકના રૂા.૫૦૦. દાતા પરિવારોની શ્રી સંઘ અનુમોદના કરે છે. સંપર્ક હેમંતકુમાર ગુલાબભાઈ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨.

# કચ્છ રેલડિયા મંજલ નગરે શ્રી આદિનાથ સ્વામી જિનાલયની ૧૩૯મી વર્ષગાંઠ અવસરે ધ્વજા મહોત્સવ સંપન્ન થયો

કચ્છના રેલડિયા મંજલ નગરના શ્રી આદિનાથ સ્વામી જિનાલયની ૧૩૯મી વર્ષગાંઠ અવસરે પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ધ્વજા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાલાના સહકાર સંગાથ સહ સંપન્ન થઈ.





# ભાજપ ઈશાન્ય મુંબઈ વેપારી સેલના ઉપાધ્યક્ષ પદે રાજેશ લોડાયાની વરણી



ભારતીય જનતા પાર્ટીના ઈશાન્ય મુંબઈ-નોર્થ ઈસ્ટ વિભાગના વેપારી સેલના ઉપાધ્યક્ષ પદે સાંસદ મનોજ કોટકના સહયોગથી વિભાગીય અધ્યક્ષ દ્વારા રાજેશ જયંતિલાલ લોડાયા, ગામ-મોટી ખાવડી, હાલ-ભાંડુપની વરણી કરાઈ છે. આ સિદ્ધિ બદલ અભિનંદન સાથે ભાવી રાજકીય કારકિર્દી સર્વોચ્ચ શિખરે પહોંચે એ માટે શુભેચ્છા.



# પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૩મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૬ના વૈશાખ સુદી ૧૩ના દિને સાંયરા નગરના માતુશ્રી નવલબેન વીરચંદભાઈ મોમાયાના ધર્માનુરાગી પુત્રી મોક્ષ માર્ગ પંથ વિચરણનો દ્રઢ સંકલ્પ સાથે પાલીતાણા મધે પ.પૂ.આ.ભ.શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ને ગુરૂ પદે સ્વીકારી તેમના શિષ્યા થયા અને પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.

વિ.સં.૨૦૭૮ વૈશાખ સુદ ૧૩ શનિવાર તા.૧૪ મે દિને સંયમ જીવનની સફરના ૪૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી. ૪૩મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. પૂજ્ય સાહેબનું આગામી સમયે સંયમ જીવન અવિરત આગળ વધી સુવર્ણ, હીરક પસાર કરી શતકની સિધ્ધિ શિખરે બિરાજે એ મંગળકામના સહ શુભકામના.

# સમૂહ વરસીતપ પારણા મહોત્સવમાં પૂર્વ નગરસેવિકા નેહલબેન શાહની હાજરી






તા.૩મે મંગળવારના સોમૈયા ગ્રાઉન્ડ સ્થળે શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ઉપક્રમે ૩૧મો સામૂહિક વર્ષીતપ પારણા મહોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વડાલા વોર્ડ ૧૭૭ના ભૂતપૂર્વ નગરસેવિકા નેહલબેન અમર શાહ ખોના, સાંધવ-દાદર હાજર રહી તપસ્વીઓની શાતા પૂછી હતી અને પધારેલ સાધુ સાધ્વીજી ભગવંતોની વંદના કરી આશીર્વાદ લીધા.

# પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. રાજસ્થાનમાં શાસન પ્રભાવના કરી ગુજરાતના થરાદમાં પધાર્યા

૨૨ મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. રાજસ્થાનની ભૂમિ પર પગ મૂકતા ભાવિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. સાંચોર, ધોરીમન્ના, રાણીગાંવ, બાડમેરના ભાવિક ગણ ઝૂમી ઉઠ્યો. આવા તપસ્વી મહાત્માના પગલા અમારી ધરતી પર, ધન્ય થઈ બાડમેરની ભૂમિ. જે ભૂમિ પર સાહેબજી એ ૨૧મા વર્ષીતપનું પારણું કર્યું ને ૨૨મું વર્ષીતપનો પ્રારંભ કર્યો ધન્ય થઈ મહાવીર વાટિકા (બાડમેર) જે જિનાલયની પ્રતિષ્ઠા આવ્યા તપસ્વીના વરદ હસ્તેથી આવા હૃદય ઉદ્ગારો જન જન હૃદયના હતા. રાજસ્થાનમાં પધારી ગચ્છ ગુરૂને ગૌરવ અપાવનાર ઉજ્જવળતા બક્ષનાર ગુરૂદેવને રાજસ્થાનના શ્રાવક શ્રાવિકાઓએ કોટિ કોટિ નમન વંદના કરી ધન્ય થયા.

શાસન કાર્યમાં આવી ઉગ્ર તપશ્ચર્યામાં ભાષણ ગરમીમાં ઉગ્ર વિહારો કરી શાસનની જવાબદારી અદા કરી રહ્યાં છે, ધન્ય છે, ગુરૂદેવને, ધન્ય છે તપને, ધન્ય છે શાસન નિષ્ઠાને.

રાજસ્થાનથી શાસન પ્રભાવના કરી પૂજ્ય સાહેબજી ગુજરાતના થરાદમાં પધાર્યા છે.

# શાસન સ્થાપના અવસરે અચલગચ્છાધિપતિ મ.સાની નિશ્રામાં ૨૫૭૭ મો શાસન સ્થાપના દિવસનું મંગલ કાર્યક્રમનો વીડિયો

ગત વર્ષે તા.૨૨ મે ૨૦૨૧ શનિવારે વિક્રમ સંવત ૨૦૭૭ વૈશાખ સુદ ૧૧ તિથિના જોગેશ્વરી સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં નરેન્દ્રભાઈ નંદુ, સાથે કચવન્ન મેઘ નંદુના સાથ સંચાલનથી ૨૫૭૭ મો શાસન સ્થાપના દિવસ અદ્‌ભૂત ભાવથી મનાવાયો. આ કાર્યક્રમનો ૨.૩૭ કલાકનો યુટ્યુબ વીડિયો લીંક https://youtu.be/0IlfhBTYuzo ઉપર ક્લિક કરી જોઈ માણી શકાશે.

---

## પ.પૂ.સાધ્વીશ્રી વિમલકિરણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૩૩મા વર્ષમાં પ્રવેશ



કચ્છ સાંયરાના માતુશ્રી ધનબાઈ દામજી લોડાયાના લાડલી પુત્રી વિક્રમ સંવત ૨૦૪૬ના વૈશાખ સુદ ૧૧ના તિથિ દિને સાંયરા નગરે અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી વિમલકિરણાશ્રીજી મ.સા. તરીકેની ઓળખ પામ્યા.

તા.૧૨ મે ૨૦૨૨ ગુરૂવાર સંવત ૨૦૭૮ વૈશાખ સુદ ૧૧ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓશ્રીનું તપ, ધર્મમય જીવન પંથ, સુર્વણ, હીરક વર્ષથી આગળ વધી શતકના શિખરે પહોંચે એજ મંગલકામના શુભ ભાવના.

---

## પ.પૂ.મુનિરાજ પ્રિયંકરસાગરજી મ.સા.નો સંયમ જીવનના ૩૮મા વર્ષમાં પ્રવેશ



વિ.સં.૨૦૪૧ વૈશાખ સુદ ૯ તિથિ દિને મંજલ રેલડિયાના માતુશ્રી રશ્મિબેન હિરાચંદભાઈ રતનશી ગાલાના સુપુત્ર મોક્ષ માર્ગ સ્વીકારવાના સંકલ્પ સાથે નાંગલપુર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વર મ.સા.ના શિષ્ય થઈ પ.પૂ.મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. તરીકેની ઓળખ પામ્યા.

સંવત ૨૦૭૮ મંગળવાર તા.૧૦ મે વૈશાખ સુદ ૯ તિથિ દિને પૂજ્ય મુનિરાજ સફળતાપૂર્ણ રીતે સડત્રીસ પરિપૂર્ણ કરી અદ્‌ભૂત અડત્રીસ વર્ષમાં પ્રવેશ કર્યો છે. પૂજ્ય સાહેબનું તપમય સંયમ જીવન આગળ વધી સુવર્ણ, હીરક વર્ષ વળોટી શતક શિખરે પહોંચ એ કામના હૃદયની ભાવના સાથે વંદના.

---

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થીઓના બહુમાનનો કાર્યક્રમ

શ્રી કચ્છી દશા ઓસવાળ મંડળ ડોંબિવલીના ઉપક્રમે પરંપરા મુજબ દર વર્ષે ડોંબિવલી તથા આજુબાજુના પરિસરોમાં વસતા જ્ઞાતિ પરિવારના એકથી નવ ધોરણ સુધીના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરાય છે.

સર્વે વિદ્યાર્થીઓએ પોતાના રીઝલ્ટની કોપી મંડળમાં તા.૨૮ મે સુધી જમા કરાવવી. ચાલુ વર્ષે રવિવાર, તા.૫ જૂન ૨૦૨૨ રોટરી ક્લબ હોલ, સુવિધિનાથ દેરાસરની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઇસ્ટ) સવારના ૯.૩૦ કલાકે સરસ્વતી સન્માન કાર્યક્રમ સાથે મંડળના નવા વર્ષના કાર્યક્રમોની શરૂઆત કરાશે. જેમાં સર્વે વિદ્યાર્થીઓ તથા વાલીઓને પધારવનું ભાવભર્યું આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાળ મંડળ ડોંબિવલીની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આપાયેલ છે.

# કચ્છ બોંતેર જિનાલય તીર્થનો ૨૬મો ધ્વજા મહોત્સવ ધામધૂમપૂર્વક અચલગચ્છાધિપતિની નિશ્રામાં ઉજવાયો





કચ્છના મહાતીર્થ ૭૨ જિનાલયમાં ૨૬મી ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ ધામધૂમપૂર્વક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ વિશાળ સંખ્યામાં સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં વિધિકાર નરેન્દ્રભાઈ નંદુની સથવારે તા.૭ મે શનિવારના ભવ્યતાથી યોજાયો.

## પ.પૂ.ગુરૂદેવ ગણિવર્યની ૨૧ દિવસની તેરા પંથ ભવનમાં સ્થિરતા સાથે મૌન સાધના

ધ્યાન યોગી ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઋષિ મંડળ અર્હમ ધ્યાન સાધક મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘના તત્વાધાનમાં સેન્ટ્રલ પ્લાઝા ગિરગામ ચર્ની રોજ સ્ટેશન પાસેથી તા.૧૨ જુલાઈ સોમવાર સવારે ૬.૪૬ કલાકે નક્કી થયેલ છે. સંપૂર્ણ ચાતુર્માસના મુખ્ય લાભાર્થી સંઘમાતા લીલાવંતીબેન શામજી પાસુ વીરા પરિવાર કચ્છ લાયજા પ્રાર્થના સમાજ છે. સમગ્ર ભારતના તમામ ગુરૂ ભક્તોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે. પૂજ્ય ગુરૂ દેવ ૨૧ દિવસની મૌન સાધના હેતુ તેરાપંથ ભવન મરીન લાઈન્સમાં સ્થિરતા રાખી બિરાજમાન છે. દર્શન વંદનનો લાભ પામી શકો છે.

## ખંડવા નગરે ગુરૂ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ તા. ૬ જુલાઈના નિર્ધારિત

મધ્ય પ્રદેશના ખંડવા નગરમાં પ્રભુ જગવલ્લભ પાર્શ્વનાથની છાયામાં ગુરૂ ભગવંતોના ચાતુર્માસ વર્ષીવાસનો મંગલ પ્રવેશ તા.૬ જુલાઈ બુધવાર સવારે ૧૧ કલાકે થશે.

આ વર્ષના ચાતુર્માસ પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.નો લાભ સંઘને મળ્યો છે.

મંગલ પ્રવેશ અવસરે સવારે ૯ કલાકે પ્રવેશ વરઘોડો હિરેનભાઈ ગોસરના નિવાસ સ્થાન સંતોષ નગર ખંડવાથી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ઘંટાઘર ચોક માટે પ્રારંભ થશે.

નવકારશી ૭.૩૦ થી ૯ લાભાર્થી માતુશ્રી પ્રેમિલાબેન વિશનજી ગોસર. સ્થાન ૪૯, સંતોષ નગર ખંડવા અને સ્વામી વાત્સલ્ય બપોરે ૧૨.૩૦ કલાકે સકળ શ્રી સંઘ તરફથી સ્થાન અગ્રવાલ ધર્મશાળા ઘંટાઘર ખંડવા.

ચાતુર્માસની રૂપરેખા જિનવાણી પ્રતિ દિવસ સવારે ૯ થી ૧૦. નવા નવા જિન ભક્તિ અનુષ્ઠાન. કર્મ નિર્જરા હેતુ વિવિધ નાના મોટા તપ અનુષ્ઠાન. પ્રભુ ધ્યાનમાં લીન થવા યોગ્ય જપ અનુષ્ઠાન, પાંચ રવિવારીય બાલક-બાલિકા શિબિર. પાંચ બુધવારીય બહેનો માટે શિબિર. સામાયિક પ્રતિક્રમણની સાથ શ્રુત અનુષ્ઠાન.

સૌને ચાતુર્માસિક પ્રવેશ અવસરે પધારવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ખંડવા અધ્યક્ષ મનીષ મોમાયા ૯૦૩૯૩૮૦૩૦૨, હિરેન ગોસર ચાતુર્માસ સમિતિ સંરક્ષક ૯૪૨૫૦૮૫૪૨૨, ચેતન નાગડા ચાતુર્માસ સમિતિ અધ્યક્ષ ૯૪૨૫૦૮૫૨૦૧ દ્વારા અપાયું છે.

# હૈદ્રાબાદ સિટી સંઘના જિનેશ્વરધામમાં શાસન સ્થાપના દિવસના રંગારંગ કાર્યક્રમ સાથે આરાધના થઈ




તેલંગણા પ્રાંતના હૈદ્રાબાદ (સિટી)ના શ્રી અચલગચ્છ જૈન સંઘના જિનેશ્વર ધામમાં તા.૧૧મે બુધવારના રોજ શાસન સ્થાપના દિન નિમિત્તે પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ તથા પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની આદિ ઠાણા ૩ ની નિશ્રામાં શાઈનીંગ સ્ટાર પાઠશાળાના બાળકો, શ્રાવક અને શ્રાવિકાઓએ ભવ્ય રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. શાસન ધ્વજારોહણનું આયોજન અતિ ઉત્સાહ ભાવ સાથે કરાયો હતો.

આ પ્રસંગે પ્રવર્તિની મહતરા પ.પૂ.સાધ્વીશ્રી રત્નરેખાશ્રીજી મ.સા.ની ૫મી પુણ્યતિથિ નિમિત્તે પૂજ્યશ્રીને યાદ કરી ભાવાંજલિ આપવામાં આવેલ.





# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા સમૂહ વરસીતપ પારણા મહોત્સવ કાર્યક્રમ

તા.૩મે મંગળવારના હસ્તિનાપુર નગરી સોમૈયા ગ્રાઉન્ડ, ચુનાભટ્ટી ઈસ્ટ રેલવે સ્ટેશનની સામે, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સાયન મુંબઈમાં શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા સામૂહિક વરસીતપ પારણા મહોત્સવ ભવ્યતા ભાવ સાથે યોજાયો. આ સમગ્ર કાર્યક્રમ ૪.૩૮ કલાકનો યુટ્યૂબ વીડિયો લીંક https://youtu.be/5xIFGHGchUw અને ગુગલ ડ્રાઈવ લિંક https://drive.google.com/drive/folders/1Wu2jaLLpxStEkoRkEGDUthrmGpi-twDz?usp=sharing ઉપર ક્લિક કરીને ઘર બેઠા માણી શકાય છે.

# શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની સભા રવિવાર, તા.૨૨મે, ૨૦૨૨ના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની એક સભા રવિવાર તા.૨૨મેના સાંજે ૪ થી ૬ કલાકે સુધી શ્રી વીરજી લાધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ, કામાલેન કિરોલ રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬ મધ્યે જેમાં નીચે મુજબ દર્શાવેલ કાર્યસૂચિ પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧) ગત તા.૫ ડિસેમ્બર ૨૦૨૦ની સભાની મિનિટસનું વાંચન અને બહાલી આપવા બાબત. ૨) હિસાબી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના ઓડિટ થયેલ હિસાબી ચોપડાઓ રજૂ કરવા બાબત. ૩) સમસ્ત મહાજનના નવા પ્રોજેક્ટ વિષે ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા બાબત. ૪) સમસ્ત મહાજનની ઓફિસ બાબત ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા બાબત. ૫) મહાસમિતિની જે તે વિભાગના ખાલી પડેલ સીટ ભરવા બાબત. ૬) સભાના પ્રમુખશ્રીની સંમતિથી જે કંઈ રજૂ થાય તે બાબત ઘટતું કરવા.

નોંધ : સભાની કાર્યસાધક હાજરી (કોરમ) મહાસમિતિના ૧/૫ સભ્યોની રહેશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલ સભા તે જ સ્થળે તે જ દિવસે મુકરર સમયથી એક કલાક પછી મળશે. જેની નોંધ કાર્યસૂચિમાં જણાવવી પડશે. મજકુર સભામાં કાર્યસાધક હાજરીની જરૂર રહેશે નહીં. પરંતુ તેવી સભામાં કાર્યસૂચિમાં જણાવ્યા સિવાય અન્ય કોઈપણ કામકાજ થઈ શકશે નહીં. સભા સ્થળે સાંજના સભા બાદ ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# દરિયા કિનારે મરીન ડ્રાઈવ મુકામે તેરા પંથ ભવનમાં ૨૧ દિવસીય મૌન સાધનાનો પ્રારંભ

તા.૧૩ મે શુક્રવારના ધ્યાન યોગી ગુરૂદેવ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના શિષ્ય અર્હમ ધ્યાન સાધક યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૨૧ દિવસીય મૌન સાધનાનો પ્રારંભ થયો.

તા.૧૨ મે ગુરૂવારના દિને પૂજ્યશ્રીએ અર્હમ પીઠિકામાં મંગલ પ્રવેશ કર્યો. સાધના સ્થળ ૮૮, મરીન ડ્રાઈવ દરિયા કિનારે, તેરા પંથ ભવન, અનુવ્રત સભાગૃહ, રાજહંસ બિલ્ડીંગ, અણુવ્રત માર્ગ, મુંબઈ.

સમસ્ત ભારતમાંથી અનેક યુવા સાધકો પૂજ્યશ્રી સાથે ૧-૧ દિવસની સાધના કરી દિવ્ય ઉર્જામય બની ડિવાઈન વાઈબ્રેશન ગ્રહણ કરશે. સૃષ્ટિના સમસ્ત જીવો શાતા પામો, સૃષ્ટિના સમસ્ત જીવો સમાધિ પામે, સૃષ્ટિના સમસ્ત સદ્‌ગતિ પામે, સૃષ્ટિના સમસ્ત જીવો પરમ શાંતિ પામે, એની અલૌકિક અનુભૂતિ થશે. પાપ, તાપ, સંતાપ તથા સંકલેસનું શમન થશે. અદ્‌ભૂત આત્મા સિધ્ધિ ધાયિની આ સાધનામાં પૂજ્યશ્રી સાથે ૧ દિવસ જોડાવવા યુવા શ્રાવકોને પણ હાર્દિક આમંત્રણ છે.

# બિજાપુર સંઘમાં શાસન સ્થાપના દિવસે શાસન ધ્વજ લહેરાવવામાં આવ્યો

કર્ણાટક રાજ્યના ઐતિહાસિક નગર બીજાપુર સંઘમાં શાસન સ્થાપના દિવસે પ.પૂ.સાધ્વી શ્રી ડૉ. હર્ષનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં શાસન ધ્વજ લહેરાવવામાં આવ્યો. હેતલબેનએ જિનશાસન ગૌરવ ગાન ગાયું હતું. ઉપસ્થિત સૌએ ગૌરવ સાથે શાસન ધ્વજની વંદના કરી હતી.



# ગોવર્ધનનગર સંઘથી ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મહારાજ સાહેબનો સુરત તરફ વિહાર





સાહિત્ય સમ્રાટ સંઘ કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાને સ્વીકારી સંસ્કાર નગરી સૂરત ચાતુર્માસ માટે શ્રી સંઘના ઉપકારી ગુરૂ ગુણ કૃપા પાત્ર, કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા. જિનવાણીનો જાદુ મુંબઈભરમાં પાથરી અનેકોને ધર્મમય બનાવી તા.૧૪ મે શનિવારના સવારે ૮.૪૫ વાગે ગુજરાત માટે પ્રસ્થાન કર્યો. ગુરૂવરને મુંબઈ મહાનગરીથી વિદાય આપવા મુલુંડ ચેકનાકા સંઘના શ્રાવક/શ્રાવિકાઓ સવારના ૮.૩૦ કલાકે આર મૉલ પાસે ભેગા થયા હતા અને ગુરૂવરને વંદીને એમનો સુરત તરફનો વિહાર નિર્વિઘ્ને પાર પડે એ શુભેચ્છા આપી હતી અને વાજતે ગાજતે તીન હાથનાકા સુધી ગુરૂવરને વિદાય આપવા ગયા.

ગોવર્ધન નગર થી પ્રસ્થાન કરી મુલુંડ ચેકનાકા ૯.૧૫ વાગે થાના નગરમાં પ્રવેશ કર્યો. અત્રે ચંદ્રપ્રભ જિનાલય થાણામાં સ્થિરતા કરી છે. પૂજ્ય સાહેબનો સુરત સંઘમાં ચાતુર્માસ પ્રવેશ તા.૧ જુલાઈ શુક્રવારના થશે.

## સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# ઉપાધ્યાય પદે આરોહણ થયા બાદ શિવમસ્તુ તીર્થે પૂજ્ય સાહેબએ પ્રથમ મંગલમય શાનદાર પ્રવેશ કર્યો

તા.૮ મે રવિવારની વહેલી સવાર માંડવી નગર પરિસરના શિવમસ્તુ તીર્થના દ્વારે ઘંટારવ અને જયઘોષના નાદથી રણકી ઉઠ્યા હતા. શિવમસ્તુ તીર્થ પ્રણેતા પ.પૂ.શ્રી મહાભદ્રસાગરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂજ્ય ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ના મંગલ પ્રવેશ થયો. લોકલાડીલા અને સેંકડો ગુરૂ ભક્તોને વહાલા એવા ઉપાધ્યાય ભગવંતને શાતામાં સજ્જ શ્રાવકો અને ઘડી-ગહુલી વિગેરે સાથે રજત અક્ષતે વધામણાં કરાયા હતા અને સુર્વણ તથા રજત ગિનીથી ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું.

માંડવી, દેઢિયા, ગોધરા, લાયજા, મેરાઉ, નરેડી વિગેરે ગામોના સંઘો ગુરૂભક્તોની ભવ્ય હાજરી હતી. રવિ પુષ્પ નક્ષત્ર હોતાં ચાંદીના નિર્માણ થયેલ અને નિર્માણ કરી આપનાર પુણ્યશાળી દાતા પરિવાર માતુશ્રી રતનબેન ચાંપશી પદમશી શાહ પરિવારને યાદ કરી ગુરૂદેવે પૂજન કરેલ. જે વિદ્યા યંત્ર યોગ્ય સમયે દાતાશ્રી ગુરૂદેવને વહોરાવશે.

ગુરૂદેવે સૌ પ્રથમ સંકુલમાં પધારી શિવમસ્તુ પાર્શ્વનાથના દર્શન કરી પોતાના ઉપકારી માતા ગુરૂ બા મહારાજ સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.સા. પાસે આર્શીવાદ અને વાસક્ષેપ લીધેલ.

માંગલિક પ્રવચનમાં જૈન શાસને સર્વત્ર ત્યાગ અને છોડવાની વાત કરેલ છે એમ ભારપૂર્વક કહી મધપૂડાનું દ્રષ્ટાંત આપેલ હતું. અચલગચ્છાધિપતિ ત્રણેય આચાર્ય ભગવંતો તથા પિતા ગુરૂવરને યાદ કરી જય બોલાવામાં આવેલ.

ઉપાધ્યાય પદ અનુમોદન મહોત્સવની વિચારણા અને જાહેરાત થતાં એ નિમિત્તે રૂ.૬૪ હજારના સાધુ સાધ્વી વૈયાવચ્ચના અનુદાન પૈકી ૨૫ નામોની ટહેલમાંથી ૧૬ નામો લખાઈ ગયા હતા. આ નામો ગુરૂદેવની ૬૪ વર્ષની ઉંમરને અનુલક્ષીને લખાયા છે અને એની સાધુ-સાધ્વી વૈયાવચ્ચની કાયમી તકતી લાગશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ઝવેરચંદ લાલકા**
તા.૮ મે (ઉ.૭૨)
વારાપધર-પુના



**રવિન્દ્ર નાગડા**
તા.૧૧ મે (ઉ.૬૭)
નલિયા-મુલુંડ (ઈ)



**લલિતકુમાર ગોસર**
તા.૧૩ મે (ઉ.૮૧)
બારોઈ-મસ્જિદ



**જવેરચંદ ધુલ્લા**
તા.૧૩ મે (ઉ.૭૮)
સેવક ભરૂડિયા-અંધેરી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

### For NEFT Transfer

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ગાંધીધામ રેલવે સ્ટેશન ખાતે પ્રવાસીઓની સુવિધા માટે અને પરિસરની સુંદરતા માટે વિવિધ પ્રકલ્પો હાથ ધરાયા છે. તે અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી સેલ્ફી પોઈન્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. હેરિટેજ ક્રેનની બાજુમાં આઈ લવ ગાંધીધામ નામે સેલ્ફી પોઈન્ટ બનાવાયો છે. આ પ્રકલ્પમાં લાયન્સ કલબ ઓફ ગાંધીધામનો સહયોગ સાંપડ્યો છે. ગણતંત્ર દિનેશ પરિસરમાં ૧૦૦ ફૂટ ઊંચા સ્મારક રાષ્ટ્રધ્વજને લહેરાવવામાં આવ્યો હતો.

● અબડાસાના મુખ્ય મથક નલિયામાં કિડની રોગ અને અન્ય રોગોના મેગા કેમ્પમાં ૪૪૩ દર્દીઓને તપાસ કરીને નિદાન કરાયુંહતું. વિવિધ રોગોના ૪૮ જેટલા દર્દીઓના નિઃશુલ્ક ઓપરેશન માટે વ્યવસ્થા કરાઈ હતી. નલિયા લોહાણા મહાજન, ગાયત્રી પરિવાર નલિયા જિ.પં.આયુર્વેદ શાખા, બિદડા સર્વોદય ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું હતું. નડિયાદ કિડની હોસ્પિટલના નિવૃત્ત તબીબ ડૉ.પ્રદીપભાઈ ગણાત્રાએ કોઈપણ ગ્રામ વિસ્તારમાં કિડની રોગો અંગે કેમ્પની જરૂરિયાત હોય તો પોતે શનિવારના એ ગામમાં આવી અને દર્દી ઓને નિઃશુલ્ક તપાસશે. તેમણે આ રીતે ૧૦ ગામોમાં કેમ્પ યોજયા હોવાનું જણાવ્યું હતું. ધનલક્ષ્મી આધ્યા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોગથી આંખની હોસ્પિટલ નલિયામાં શરૂ કરવાની જાહેરાત કરી હતી.

● યુધ્ધગ્રસ્ત યુક્રેનમાં એમ.બી.બી.એસ.ના છેલ્લા વરસમાં અભ્યાસ કરતી નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામની રઘુવંસી છાત્રા  શ્રેયા રોહિતભાઈ આઈયા છ દિવસની હાલાકી ભોગવી ૧૪ કલાકનો હવાઈ પ્રવાસ થાક, ભૂખ તરસનો સામનો કરી વતનમાં પરિવારજનો સાથે મિલન થતા હાશકારો અનુભવ્યો હતો. ડોકકટરી અભ્યાસની પરીક્ષાને માત્ર ત્રણ મહિનાનો સમય બાકી હતો તેનો અફસોસ તે વ્યક્ત કર્યો હતો.

● અંજારના ગાયત્રી સોસાયટી ચોકમાં છેલ્લા પાંત્રીસ વરસથી શાકભાજીનો છૂટક વેપાર કરતા લીલુબેન તરીકે ઓળખ ધરાવતા લીલાવંતીબેન દિલીપભાઈ પ્રજાપતિ શાકભાજીની દુકાન, ઘર પરિવાર અને વ્યવહારની વ્યવસ્થા સાથોસાથ આજે અંજાર નગરપાલિકાના અધ્યક્ષા તરીકે જવાબદારી સુપેરે વહન કરી રહ્યાં છે. સુધરાઈમાં સતત બીજી ટર્મમાં નગરસેવિકા તરીકે ચૂંટાયા છે. ચાલુ ટર્મમાં અંજાર  નગરપાલિકાના પ્રમુખ તરીકે મહિલા અનામત બેઠક હોવાથી પક્ષે તેમના પર વિશ્વાસ મૂકીને શહેરનું સુકાન તેમને સોંપ્યું છે.

● મોટા રેહા અને ધામાયમાં રહેતા ૯૧ વર્ષીય બબરાબા અખેરાજજી સુલતાનજી જાડેજાની જીવનકથામાં રજપૂતાણીના સંસ્કાર તેજ પ્રગટે છે. એક જ દિનો સંસાર અને ૭૭ વર્ષનું વૈવિધ્ય જીવન વિતાવ્યું છે. ૧૯૪૫ના વર્ષમાં મોટા રેહા ગામેથી જાડેજા અખેરાજજી જાન લઈને કોડ ભર્યા પરણવા સિંધ પાકિસ્તાનના થરપાકર પ્રાંતના છાછરો તાલુકાના ફૂલયો ગામે પહોંચ્યા. ચાર ફેરા પૂરા થયા અને બીજા દિવસે સગાસંબંધીઓને ઘેર મુલાકાત થઈ. એ દરમ્યાન વરરાજા અખેરાજજી જાડેજાનું મૃત્યુ થયું. ૧૪ વર્ષની નવવધુ કન્યાને જ્યારે ખબર પડી ત્યારે તે રાજપૂતાણીએ નિર્ણય લીધો કે એ જાન લઈ આવેલા જાનૈયાઓ સાથે પતિના ઘરે કચ્છ જશે એ સ્વર્ગસ્થ પતિના હકમાં જીવન ગુજારશે. ૧૯૪૫ થી ૨૦૦૧ બબરાલા મોટા રેહાગામ રહ્યાં. ધરતીકંપ પછી તે તેમના ભાઈ ભાભી સાથે નખત્રાણા તાલુકાના ધામાય ગામે રહે છે. આ પાકટ ઉંમરે વિધવા તરીકે આવવાનો અફસોસ જતાવી રજપૂત સમાજની પરંપરા અને પોતાના કુળની આબરૂ જળવાય તેવું જીવન વિતાવ્યું તેનું ગૌરવ મન ભરાઈ આવતા ગળગળઆ સાદે જણાવ્યું હતું.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)